# પૂ. લાલચંદભાઇના પ્રવચનો
# પ્રવચન નં:- ૫, સમયસાર ગાથા - ૩૫૬ થી ૩૬૫
# તા:- ૧૮-૮-૮૭

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. તેની ૩૫૬ થી ૩૬૫ ગાથા છે. ટીકાનું પાનું છે ૫૦૬.

અનાદિકાળથી જીવને એટલે કે આત્માને આત્માના અનુભવરૂપ-સ્વાનુભવરૂપ-અનુભૂતિરૂપ ધર્મદશા કેમ પ્રગટતી નથી. તેમાં બે પ્રકારની ભૂલ ચાલી આવે છે. અનંતકાળ ગયો. ધર્મ થયો નહીં. એને અનેક પ્રકારની ક્રિયાથી હું ધર્મ કરું છું એમ માન્યું ખરું! પણ ધર્મ કર્યો નહીં. દેહ, મન, વાણીની ક્રિયાથી, શુભ ભાવની ક્રિયાથી, વ્રતથી, તપથી, જપથી, જાત્રાથી, મંદિરો બંધાવાના વીકલ્પથી. અનેક પ્રકારની શુભભાવની ક્રિયા કર્તાબુધ્ધિએ કરી ને અનંતકાળ ગયો. એને ધર્મ થયો નહીં.

હું પરભાવનો ને પરદ્રવ્યનો કર્તા છું એવી જયાં સુધી વિપરીત માન્યતા છે ત્યાં સુધી તેને આત્મદર્શનરૂપ ધર્મની શરૂઆત થતી નથી. એટલે કે હું પરનો કર્તા છું એવી માન્યતા તે એને સમ્યગ્દર્શનમાં બાધક થઇ ગઇ છે. એ તો મોટામાં મોટી ભૂલ છે. કેમકે જગતના પદાર્થ સ્વયં પરિણમે છે. આ માને છે કે મારાથી પરિણમે છે, હું (તેને) પરિણમાવું છું, દુકાનનો બધો વહીવટ મારાથી ચાલે છે. આ ભાષા હું બોલું છું. એમ અનેક પ્રકારની પરદ્રવ્યમાં કર્તાપણાની માન્યતા એ તેનું અજ્ઞાન છે, તેથી તેને આત્માનો અનુભવ થઇ શકતો નથી. આત્માના અનુભવથી ધર્મની શરૂઆત થાય છે.

'અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂંપ, અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ' એક ભૂલ કર્તાપણાની બુધ્ધિ તો જીવને કદાચિત્ જ્ઞાનીના યોગે ગળે પણ છે. પરંતુ એક બીજી ભૂલ જે રહી જાય છે, ભણેલાની ભૂલ. કે હું પરને જાણનાર છું. એવી જયાં સુધી હું પરનો જાણનાર છું એમ બુધ્ધિ રહે છે ત્યાં સુધી તેનો ઉપયોગ બહિર્મુખ રહે છે. આને જાણું, આને જાણું, આને જાણું. કેમકે જાણવું એ તો સ્વભાવ છે. રાગને કરું તો નહીં પણ રાગને જાણું તો ખરો ને? પરપદાર્થને કરું નહીં તો કાંઇ નહીં પણ જાણનાર છું ને? જાણું તો ખરો ને? કેવળી પરમાત્મા લોકાલોકને જાણે છે અને હું થોડા પદાર્થને જાણું છું. જાણવું એ તો સ્વભાવ છે. એમ પરને જાણવાના અભિપ્રાયથી તેનો ઉપયોગ બહિર્મુખ રહી જાય છે. અંતર્મુખ થતો નથી. અને એ અભિપ્રાયમાં ઇન્દ્રિયજ્ઞાનનો જન્મ થઇ જાય છે. અતીન્દ્રિયજ્ઞાનનો જન્મ થતો નથી.

અને એ ઇન્દ્રિયજ્ઞાન વડે, તે ઇન્દ્રિયજ્ઞાન પરની પ્રસિધ્ધિ કરે છે. અને સ્વની પ્રસિધ્ધિ કરતું નથી. એટલે તેને હું પરને જાણું છું તેવા અભિપ્રાયમાં પણ તેને આત્માનો અનુભવ થતો નથી. હું પરને જાણતો નથી ત્યારે આત્મા જણાય જાય છે. હું પરને જાણતો જ નથી ત્યારે જ્ઞાન જાણ્યા વિના તો રહી

શકતું નથી. જ્ઞાનમાં વિષયનો નિષેધ કર્યો કે હું પરને જાણતો નથી. તો તે જ્ઞાન જ્ઞેયથી વ્યાવૃત થઇ, પાછું વળી અને એ જ્ઞાન જેનું છે તેને જાણશે, જાણશે અને જાણશે જ. ત્યારે તેના ભવનો અંત આવશે. આત્માને જાણ્યા વિના ભવનો અંત આવતો નથી. એટલે પરને હું જાણતો નથી ત્યારે આત્મા જણાય જાય છે. અને આત્માને જાણ્યા પછી પર જણાય ત્યારે તેને વ્યવહાર કહેવામાં આવે છે. આત્માને જાણ્યા વિના પરને જાણે છે એ અજ્ઞાનમાં જાય છે. એ જ્ઞાનમાં આવતું નથી. વ્યવહારજ્ઞાન પણ નથી અને નિશ્ચયજ્ઞાન પણ નથી. એવી ઊંચા પ્રકારની ગાથાની માંગણી અહીંયાં થઇ છે. એનો આપણે સ્વાધ્યાય કરીએ છીએ.

તેની ટીકામાં એક બાજુ ખડીના દષ્ટાંતથી-એ ખડી ભીંત આદિને સફેદ કરે છે. તો એ વાત કેટલા ટકા સાચી છે, ચાલો આપણે વિચાર કરીએ. **આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ વિદ્યમાન) હોવાથી, ખડી જો ભીંત આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય.** ચૂનો જો ભીંતનો હોય તો ચૂનો ભીંત જ થઇ જાય. માટે ચૂનો ભીંતનો નથી. ચૂનો તો ચૂનાનો છે. એ પણ વ્યવહાર છે. ચૂનો તો ચૂનો છે. ચૂનો ચૂનાનો છે એમ પણ નહીં. ચૂનો ભીંતનો છે એમ તો નહીં. પણ ચૂનો ચૂનાનો છે એમ પણ નહીં. ચૂનો તો ચૂનો જ છે. **(અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઇએ, ભીંત આદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઇએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ (નાશ) થાય.** જો ચૂનો ભીંતનો હોય તો, ભીંત સફેદ થઇ ગઇ હોય તો, ચૂનાનું અસ્તિત્વ ગાયબ થઇ જાય છે. ચૂનો દેખાતો નથી. પહેલાં ભીંતને નહોતો લાગ્યો ત્યારે ચૂનો સફેદ હતો. ભીંતને ચૂનો લાગ્યો ત્યારે ચૂનો સફેદ છે એ લક્ષમાંથી છૂટી ગયું હતું. અને ભીંત સફેદ છે એમ લક્ષમાં આવી ગયું હતું. એ ૧૦૦ ટકા ભૂલ છે.

**પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી.** એટલે ચૂનાનો નાશ તો થતો નથી. કારણ કે એક દ્રવ્યનું, ચૂનાનું ભીંતરૂપે સંક્રમણ થવાનો-બદલવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. ૧૦૩ નંબરની ગાથામાં આચાર્યભગવાને ફરમાવ્યું છે, એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે ત્રણકાળમાં થઇ શકતું નથી. અને દ્રવ્યના ગુણો પણ અન્ય દ્રવ્યના ગુણોરૂપે સંક્રમણ પામતા નથી. માટે એ કોઇ અપૂર્વ ચીજ છે. કહે છે કે **સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.** સંક્રમણ એટલે પલટો, ચૂનો ભીંતરૂપ થઇ જાય તેને સંક્રમણ કહેવાય.

ચૂનો કદી પણ ડબ્બામાં હોય કે ભીંતમાં લાગેલો હોય તો ચૂનો પોતાના સ્વરૂપને, સ્વભાવને છોડીને ભીંતરૂપે કદી પણ થઇ શકે નહીં. જો થાય તો તો ચૂનાનો જ નાશ થઇ જાય. ન્યાય ને લોજીકથી વાત સિદ્ધ કરે છે. **માટે (એ સિદ્ધ થયું કે)** એમ. હવે તાત્પર્ય કહે છે કે ભીંત સફેદ થઇ નથી. તને ભ્રાંતિ થઇ ગઇ છે. ભીંત તો જેવી છે તેવી જ છે. જેમ શીસમનું લાકડું કાળું હોય અને માથે કલર સફેદ શું કહેવાય? તેલવાળું સફેદ. સફેદો. સફેદો હોય ને? ચીકણો. આ જુઓ ને, આ સફેદ. આના ઉપર ટેબલ ઉપર લગાવ્યું છે કે નહીં? તો કહે છે કે એ સફેદ કલર ટેબલરૂપે, આહાહા! શીસમના કાળા

લાકડારૂપે સફેદી થતી નથી.

એમ કહે છે કે એ તો દૂર રહો એ વાત તો તદ્દન ખોટી છે. એમ સિદ્ધ થયું કે ખડી ભીંત આદિની નથી. ન્યાય આપ્યો કે ખડી-ચૂનો ભીંતનો હોય, ભીંતનો થઇ જાય તો તો ચૂનાનો નાશ થાય. પણ દ્રવ્યનો નાશ તો કદી પણ, કોઇપણ સંયોગમાં, કોઇ પણ ક્ષેત્રે પદાર્થ જાય, ડબ્બામાં હોય કે ભીંતને લાગે પણ ચૂનાનો નાશ કદી પણ થતો નથી. એ વાત સિદ્ધ કરી.

તો એમ સિદ્ધ થયું કે ચૂનો ભીંતનો નથી. તો **આગળ વિચારીએ.** જો ચૂનો ભીંતનો નથી તો ચૂનો કોનો છે? વિચારીએ આપણે. જો ચૂનો (ખડી) **ભીંત-આદિની નથી તો (ખડી) ચૂનો કોનો છે?** એમ પ્રશ્ન આવે. ભીંતનો નથી એમ આપે કહ્યું એ તો બરાબર છે. તો ચૂનો છે કોનો? તો કહે કે ચૂનાનો જ ચૂનો છે. ખડીની ખડી છે. ઉત્તર સમજાણો? ચૂનાનો જ ચૂનો છે. ચૂનો ભીંતનો નથી. ભીંતનો નથી તો ચૂનો કોનો છે? એમ શિષ્યનો પ્રશ્ન થયો. ચૂનો ચૂનાનો જ છે.

હવે એ પ્રશ્નમાં પાછો બીજો પ્રશ્ન કાઢે છે શિષ્ય. કે ચૂનાથી જુદો એવો બીજો કયો ચૂનો છે? ચૂનો ભીંતનો નથી એ તો સમજાણું. મારો પ્રશ્ન છે તો ચૂનો કોનો છે? તો ઉત્તર આપ્યો કે ચૂનો ચૂનાનો છે. તો પાછો શિષ્ય હોંશિયાર છે બહુ. કે બે ચૂના તો હોય શકે નહીં. આપ તો બે વાત કરો છો. ચૂનો ચૂનાનો છે. તો ચૂનાથી જુદો એવો બીજો કયો ચૂનો છે? કે જેનો આ ચૂનો છે. આ ચૂનાથી જુદો અન્ય કોઇ ચૂનો નથી. આ ચૂનાથી અન્ય કોઇ જુદો ચૂનો નથી. પરંતુ તને સમજાવવા માટે અમે ભેદ કરીને કહ્યું હતું કે ચૂનો ભીંતનો નથી પણ ચૂનો ચૂનાનો છે. તને સમજાવવા માટે એ ભેદ કરીને સમજાવ્યું. બેય સ્વ-સ્વામી સંબંધના વ્યવહાર દ્વારા તમને સમજાવવામાં આવતું હતું.

**પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?** આહાહા! આત્મા આત્મા વડે આત્માને જાણે છે. એ વ્યવહાર લજાય છે. અચલજી.......... આત્મા આત્માવડે જણાય છે એવો તો વ્યવહાર લજાય છે. તેમાં આત્માનો અનુભવ થતો નથી. અહીંયાં કહે છે કે આ ચૂનાનો આ ચૂનો છે. એવો વ્યવહાર તેમાં ચૂનો દષ્ટિગોચર થતો નથી. એ તો સ્વ-સ્વામીરૂપ-ચૂનો તે સ્વ અને ચૂનાનો સ્વામી પણ પોતે, **એમ સ્વ અને સ્વામી એવા અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઇ સાધ્ય નથી.** એટલે ચૂનો હાથમાં આવતો નથી. ચૂનો ચૂનાનો છે. ચૂનો ચૂનાનો છે. ચૂનો ચૂનાનો છે. આહા! એમાં ચૂનો જણાતો જ નથી. એ તો વિકલ્પ ઊભો થાય. કાંઇ સાધ્ય નથી.

**તો પછી ખડી કોઇની નથી.** ચૂનો કોઇનો નથી. કોઇનો નથી તેમાં બે નિષેધ કર્યા. ચૂનો ભીંતનો છે એ વાત પણ ખોટી અને ચૂનો ચૂનાનો છે એ વાત પણ ખોટી. કેટલા ટકા ખોટી હશે? સો ટકા ખોટી એમ કહે છે. તો પછી. તો પછી હવે, એમાં નહીં બધામાં તમે વ્યવહાર કર્યો. તો હવે નિશ્ચયથી તેનું શું સ્વરૂપ છે? ચૂનાનું. ચૂનો ચૂનો જ છે. ચૂનો ચૂનાનો છે એ વ્યવહાર અને ચૂનો ચૂનો જ છે. એ નિશ્ચય.

આ નિશ્ચય-વ્યવહાર બેય અંદરમાં. ચૂનો ભીંતને સફેદ કરે છે એ વ્યવહાર નથી. અજ્ઞાન, ભ્રમણા. તો તો સંક્રમણ થઇ જાય.

ચૂનો ભીંતને સફેદ કરે તો તો ચૂનો ભીંતરૂપ થઇ જાય. તન્મય થઇ જાય તો ભીંતને સફેદ કરે. ચૂનો પોતાના સ્વભાવને છોડીને ભીંતરૂપે થતો નથી. માટે એ વાત ખોટી છે. આ દષ્ટાંતમાં તો હા આવશે પણ સિદ્ધાંતમાં હા પાડવી કઠણ પડશે. ચૂનો ચૂનો છે એ નિશ્ચય છે. આ દષ્ટાંત પૂરું થયું.

**(એ પ્રમાણે દષ્ટાંત કહ્યું.) જેમ આ દષ્ટાંત છે, તેમ**, આ શેની વાત ચાલતી હશે? આ ધર્મકથા ચાલે છે. આત્મકથા ચાલે છે હોં! ધર્મ કેમ થાય? અને ધર્મ કેમ થયો નથી? હું પરને કરું છું તેમાં ધર્મ નહીં થાય અને હું પરને જાણું છું તેમાં પણ ધર્મ નહીં થાય અને આત્મા આત્માને જાણે છે તેમાં પણ ધર્મ (નહીં થાય.) કયાં લઇ જાવા છે આ? અંદર આત્મામાં લઇ જાવા છે ભાઇ!

આચાર્ય ભગવાને આપણા ઉપર કરુણા કરી છે. એમણે આ શાસ્ત્રો લખ્યા. **જેમ આ દષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે-સિદ્ધાંત**. દષ્ટાંત છે તે સિદ્ધાંતને સમજાવવા માટે આપવામાં આવે છે. **આ જગતમાં**, લ્યો! આ વિશ્વમાં, **ચેતયિતા એટલે ચેતનારો**, ચેતનારો એટલે જાણનારો, જાણનારો એટલે દેખનારો, ચંદુભાઇ! ચેતનારો આ આત્મા કેવો છે? ચેતનારો છે પણ કરનારો નથી. એક ફકત ચેતનારો છું-જાણનાર છું તેના પક્ષમાં આવે એટલે કર્તાબુધ્ધિ છૂટી જાય. પછી એક સ્ટેજ બાકી રહી જાય, બસ! એ આ બીજા સ્ટેજની આમાં વાત કરે છે. જેને કર્તાબુધ્ધિ છે તેને તો આ ગાથાનું રહસ્ય સમજાશે જ નહીં.

અભિમાન છે ને કે હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે. સૃષ્ટિ મંડાણ તેની પેરે, કોઇ યોગી યોગીશ્વરા (જાણે). યોગી એટલે ધર્માત્મા. યોગીશ્વરા એટલે અરિહંત જ્ઞાની. એક વખત એવો બનાવ બન્યો. ગાડા નીચે કૂતરું ચાલતું હતું. ચાલતાં ચાલતાં એને અભિમાન હતું આમ માથું ભટકાડયા કરે કે આ ગાડુ મારાથી ચાલે છે. આ સ્ટેનલેસ સ્ટીલના ચમચાનો વેપાર મારાથી (ચાલે છે) આહાહા! ચાલતો હશે તમારાથી? ભાઇ! તને અભિમાન ચડી ગયું છે, કર્તાબુધ્ધિનું છોડી દે અભિમાન. એ કૂતરું ચાલતાં ચાલતાં ચાલતાં જરાક ખજવાળ આવી તો ઊભું રહી ગયું. ખજવાળ આવી એટલે (આમ આમ કરવું પડે ને) ઊભું રહેવું પડે ને? રજની! ઊભી ગયો. ગાડુ ચાલવા માંડયું. અરે! હું તો માનતો હતો કે ગાડુ મારાથી જ ચાલે છે. હું ઊભી ગયો તો ગાડુ તો ચાલે છે. આહાહા! મારું અભિમાન મિથ્યા છે. એમ વિચારતાં કૂતરાને સમ્યગ્દર્શન થઇ ગયું. કર્તાબુધ્ધિ છૂટી અકર્તા જ્ઞાયકમાં આવ્યો. હું તો જાણનાર છું, કરનાર નથી. બોલો! કૂતરાને સમ્યગ્દર્શન થાય તો મનુષ્યને થાય કે નહીં? આહાહા! તેના માટે એક કડક દષ્ટાંત આપું. કડક છે જરા.

એક ભાઇને વિચાર એમ આવ્યો. ભાઇ મોટી ઉંમરના હતા. કે આ દુકાન તો અત્યારે મારાથી જ

ચાલે છે. છોકરાઓ તો કાંઇ... મારા જેવું તો કાંઇ ચલાવી શકે નહીં. એટલે દુકાને ચોટયો રહેતો હતો. પછી એક દિવસ એને વિચાર આવ્યો કે જોઉં તો ખરો કે મારા વિના દુકાન ચાલે છે કે નહીં. અખતરો તો કરું. આહાહા! છોકરાઓ મને તેડાવે છે કે નહીં જોઉં તો ખરો! છોકરાવ શેના તેડાવે? છોકરાવ કહે કે બાપા બહાર જાય તો સારું. છોકરાઓ કહે કે તમે ધર્મધ્યાન કરવા જાવ. અમે દુકાન ચલાવશું. તોપણ, આહાહા! અભિમાની છોડતો નહોતો તેમાં એક દિવસ વિચાર આવ્યો કે લાવ અખતરો તો કરું. તો ગયો બહારગામ દક્ષિણમાં જાત્રાએ અને ત્રણ મહિના પછી બીજાનું નામ લખી પોતે તાર કર્યો કે તમારા પિતાશ્રી ગુજરી ગયા છે. અને તેની બધી ક્રિયા અમે અહીંયાં કરી લીધી છે. આ જોવા માટે કે દુકાન મારા વિના ચાલે છે કે નહીં. ત્રણ મહિના પછી તાર આવ્યો. અહીંયાં તો બધી રોકકળ ને બધી ક્રિયા ઉઠમણું ને પૂરું થઇ ગયું અહીંયાં એ પછી ભાઇ આવ્યા અહીંયાં. બધાને આશ્ચર્ય થયું કે આ શું થયું? તાર તો આવ્યો હતો. બધી આપણે ક્રિયા કરી લીધી. એ કહે આ મેં તાર કર્યો હતો. હું જોવા આવ્યો છું કે મારા વિના દુકાન ચાલે છે કે નહીં? મેં દુકાન જોઇ તો મારા કરતા સવાઇ દુકાન ચાલે છે. એ દુકાન પુણ્યથી ચાલતી હતી, મારાથી નહીં. આહાહા! એમ જયાં જાણ્યું ત્યાં અભિમાન ઉતરી ગયું. અભિમાનનો કોટો ચડયો હતો. એમ કર્તાબુધ્ધિવાળા જીવને હંમેશા અભિમાન હોવાથી તેની દૃષ્ટિ બહિરમુખ રહે છે. આનું કરું આનું કરું આનું કરું. આહાહા! કોઇ કરનાર નથી ભાઇ! અરે! અહીંયાં તો કહે છે કે તું પરનો જાણનાર નથી. કરનારની વાત તો સ્થૂળ છે.

**આ જગતમાં ચેતયિતા**, વિશ્વમાં ચેતયિતા એટલે જાણનાર, ચેતનાર, દેખનાર **આત્મા છે, (છે, છે) તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે**. જેમ ચુનો સફેદ ગુણના સ્વભાવથી ભરેલું દ્રવ્ય લીધું હતું. અહીંયાં આત્મા છે તે જ્ઞાનગુણથી ભરેલું દ્રવ્ય છે. તેનામાં જ્ઞાન છે. તેનામાં રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ એ આત્મામાં નથી. આત્માની બહાર છે.

એ આત્મા કેવો છે કે જ્ઞાનગુણથી ભરેલું દ્રવ્ય છે. **તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.** જ્ઞાન છે તે આત્માનો સ્વભાવ છે. રાગ તે સ્વભાવ નથી. જેનો જે સ્વભાવ હોય તેનું પરિણમન પણ તે પ્રકારનું હોય. 'સ્વસ્ય ભવનમ ઇતિ સ્વભાવ' **તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે**. તે દ્રવ્યની, આત્મદ્રવ્યની સિધ્ધિ કરી કે આત્મા જાણનાર છે, હું જાણનાર છું. કેમકે મારામાં જ્ઞાન રહેલું છે. તો જ્ઞાન દ્વારા જાણવાની ક્રિયા મારામાં થાય છે. **પુદ્ગલાદિ પરદ્રવ્ય**, હવે અહીંયાં આત્મા સ્થાપ્યો, હવે બીજા પદાર્થો પુદ્ગલાદિ છએ દ્રવ્ય લઇ લેવા. **પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે**. શું કહ્યું? કે આ આત્મા જ્ઞાનગુણથી ભરેલું આખું દ્રવ્ય છે. અહીંયા જ્ઞાન છે અને બહારમાં જ્ઞેયો છે. જ્ઞાનને જાણવાના વિષયો તેને પરજ્ઞેય કહેવામાં આવે છે.

તો આમાં અહીંયાં જ્ઞાન પરને જાણતું જ નથી. નિશ્ચયથી જાણતું નથી અને વ્યવહારથી પણ જાણતું નથી. એ સિદ્ધ કરવું છે છતાં અહીંયાં વ્યવહારે એને જાણે છે એમ કેમ લખ્યું? એમ પ્રશ્ન થાય.

વ્યવહારનય લખી નથી. વ્યવહારે. કેમકે જેને જન્મથી માંડીને ઘીનો ઘડો જ પ્રસિદ્ધ છે, ઘીનો ઘડો જ પ્રસિદ્ધ છે. ઘડો માટીમય છે એ વાત તેણે સાંભળી જ નથી જન્મથી માંડીને, ઘીનો ઘડો-ઘીનો ઘડો-ઘીનો ઘડો-ઘીનો ઘડો. તો શ્રધ્ધા જ્ઞાનમાં પણ એમ આવ્યું કે ઘીનો ઘડો. હવે ઘીનો ઘડો જેને પ્રસિદ્ધ છે અને માટીનો ઘડો પ્રસિદ્ધ નથી તેને માટીનો ઘડો છે એમ સમજાવવા માટે તેને કહ્યું કે ઘીનો ઘડો. એટલે ઓલો હા પાડવા માંડયો. આમ આમ કરમા. આમ (હા) પણ કરમા અને (ના) પણ કરમા. સાંભળ. ઘીનો ઘડો! આમ કર્યું. (હા પાડી). કેમકે એને પ્રસિદ્ધ શું છે કે 'ઘીનો ઘડો'. તો એની ભાષા દ્વારા, એની ભાષા દ્વારા, વ્યવહાર દ્વારા નિશ્ચય સમજાવવો છે. 'ઘીનો ઘડો' બસ ત્યાં જ્ઞાની રોકાય ગયા. 'ઘીનો ઘડો' ઇનટ્ર કોમા, એ વાત કરી. ઘીનો ઘડો છે એમ ન લખ્યું. ઘીનો ઘડો. પછી આગળ વધીને એમ કહ્યું, 'છે તે' છે તે માટીમય છે અને ઘીમય નથી. આહાહા! તો ઘીનો ઘડો શબ્દનો પ્રયોગ ઘીનો ઘડો કર્યો આચાર્ય મહારાજે. પણ એને જે વાત પ્રસિદ્ધ છે ઘીનો ઘડો, એ પ્રસિદ્ધ વાકય દ્વારા અપ્રસિદ્ધ એવો જે માટીનો ઘડો તેને સમજાવવો તો, હવે એને સમજાવવા માટે કરવું શું?

તો એને એમ કહે કે ઘીનો ઘડો નથી ઘીનો ઘડો નથી, માટીનો છે માટીનો છે, માટીનો છે. ઓલો સાંભળવા ઊભો પણ નહીં રહે. ઘીનો ઘડો (કહેશે તો) બેઠો રહે. હં... મારી વાત આવી. તારી વાત નહીં આવે. સાંભળ તો ખરો! ઓલો ભાગી જતો હતો. એટલે તેને સમજાવવા માટે જરાક.. આહાહા! મ્લેચ્છ ભાષાએ અજ્ઞાનીને કહ્યું, ઘીનો ઘડો ત્યાં બેસી ગયો. હા..બરાબર ઘીનો ઘડો 'છે તે' 'છે તે' (ઘીમય) થયો નથી. 'છે તે' માટીમય છે અને ઘીમય નથી. ઓલું જન્મથી માંડીને હતું ઘીનો ઘડો. હવે અજ્ઞાનીને અનાદિથી માંડીને આજ સુધી રાગી જીવ પ્રસિદ્ધ છે, અશુદ્ધ જીવ પ્રસિદ્ધ છે પણ શુદ્ધ જીવ પ્રસિદ્ધ નથી. હવે તેને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવવું છે. હવે તેને એમ કહે કે તું માને છે તે ખોટી વાત છે, આત્મા રાગી નથી આત્મા શુદ્ધ છે. શુદ્ધ છે. તો ઓલો ભાગી જાય. રાગી જીવ! બેઠો સાંભળવા! હા. એની ભાષા હતી ને? એની પોતાની માન્યતા જેવી છે તેવી ભાષા આવી. એમાં કોઇ ભાવ તો એવો નથી કે એને કહેવાય. એને કહેવું પણ નથી. એની ભાષા દ્વારા રાગી જીવ 'છે તે જ્ઞાનમય છે અને રાગમય નથી.' આહાહા! ત્યારે તેને શુદ્ધજીવનું ભાન થયું.

તેમ અહીંયાં વ્યવહારી જીવોને સમજાવવા માટે, વ્યવહારી જીવો માને છે કે આત્મા પરનો જાણનાર છે. ઘીના ઘડા જેવું કથન છે. આત્મા પરનો જાણનાર છે તે ઘીના ઘડા જેવું કથન છે. પણ આત્મા પરને જાણે છે એમ કહ્યું ત્યાં બેઠો! હં... મારી વાત તો કાંઇક આવી. તારી વાત નહીં આવે, સાંભળ! તારું અજ્ઞાન હમણાં દૂર થઇ જશે. એટલે ચેતયિતા **પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું ) જ્ઞેય છે**. અહીંયાં હજી વ્યવહારનય પ્રગટ થયો નથી. જેની ભાષા દ્વારા ઘીના ઘડાની માફક એને જે પ્રસિદ્ધ છે એ દ્વારા એનો અપ્રસિદ્ધ આત્મા તેને સમજાવવો છે. જ્ઞાનની પર્યાયના વ્યવહાર દ્વારા જ્ઞાનની પર્યાયનો નિશ્ચય સમજાવવાનો પ્રયોગ કરે છે. પુદ્ગલાદિ પરદ્રવ્યો વ્યવહારે

જણાય છે, જ્ઞેય છે પણ તે તેને શીખડાવવું નથી. તેને નથી જાણતો એમ કહેવું છે. જાણે છે એના દ્વારા નથી જાણતો એમ કહેવું છે. આહાહા!

આ ગાથા બહુ ઊંચી છે હો! આ વિદ્વાનોની ભૂલ છે. પુણ્યથી ધર્મ થાય એ સમાજની ભૂલ છે, આખા સમાજની. અને વિદ્વાનો પરને આત્મા જાણે છે એમાં શું? જાણવું તે તેનો સ્વભાવ છે. સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. કેવળી ભગવાન તો લોકાલોકને જાણે છે. અમે અમારી દુકાનને જાણીએ છીએ. દુકાન મારી છે એમ કયાં કહીએ છીએ? દુકાનને જાણીએ છીએ. આહાહા! આ કાપડ છે એને જાણીએ છીએ. જાણનાર છે કોનો જાણનાર છે પણ? એ તો કથા ચાલે છે. જાણનાર છે પણ કોનો? આહાહા! એ પ્રશ્નાર્થ મોટો છે. જાણનાર ખરો પણ કોનો? આહાહા! એ વાત સમજવી બાકી રહી ગઇ હતી. એ વાતની પુષ્ટિ આ ગાથામાં થઇ જાય છે.

જાણનાર તો છે પણ કોનો? આહાહા! બાકી રહી ગયું હતું. એ પૂરું થાય છે અહીંયાં. કુંદકુંદઆચાર્ય ભગવાન, અમૃતચંદ્રાચાર્ય ભગવાન અને આપણા ઉપકારી ગુરુએ આ વાત કરી છે. અને વ્યાખ્યાન છપાય ગયા છે ને ટેઇપો બધું છે. આહાહા! જાણનાર છે એમ ખ્યાલ આવી ગયો છે. પણ કોનો? આહાહા! એનો વિચાર શું કરવાનો? હું તો જાણનાર છું ઇ. આ બધું જણાય છે હું આનો જાણનાર છું . આહાહા! એ અજ્ઞાન છે. જાણનાર નથી પણ અજ્ઞાન છે. મોક્ષમાર્ગ પ્રકાશક ટોડરમલજી સાહેબનું છે. તેમાં એક જગ્યાએ એવી એક સુંદર વાત કરી. રાજપાટ છોડી જંગલમાં જઇ અને નગ્ન દિગંબર થઇ ગયો. આહાહા! પાંચમહાવ્રત નિરતિચારપણે પાળે છે. અતિચાર પણ નહીં અને અનાચાર પણ નહીં. અનાચાર તો ન જ હોય પણ અતિચાર દોષ પણ ન લાગે. એવા પાંચમહાવ્રતનું પાલન કરે. એક.

બીજી વાત એ અગિયાર અંગ ભણી ચૂકયો. કેટલા શાસ્ત્રો ભણ્યો? અગિયાર અંગ ભણી ચૂકયા પછી ટોડરમલજી સાહેબ કહે છે કે સમ્યગ્જ્ઞાનને અર્થે પ્રવૃતિ કરવા છતાં પણ, સમ્યગ્જ્ઞાન કેમ પ્રગટ થાય? કે શાસ્ત્રનું જ્ઞાન કરો તો સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય. શાસ્ત્રથી જ્ઞાન થાય છે તેમ અજ્ઞાની માને છે. એમ અજ્ઞાની માને છે. તો એ અગિયાર અંગ ભણી ગયો. ભણ્યા પછી ભણીને છેવટે તેણે તાત્પર્ય કાઢયું. સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવા માટે. શું તાત્પર્ય કાઢયું?

કોથળામાંથી બિલાડું કાઢયું. શું કાઢયું? આનો (બહારના જ્ઞેયોનો) જાણનારો તે હું છું. આનો જાણનારો તે હું છું. આહાહા! પણ તેની ભૂલ છે. ભૂલ બતાવે છે પછી. પણ એક તેની ભૂલ રહી ગઇ કે હું જ્ઞાનસ્વરૂપ છું. આહાહા! હું તો જ્ઞાનસ્વરૂપ છું. ત્યાં સુધી ન આવ્યો. કેટલી કષાયની મંદતા! પાંચમહાવ્રત, અઠયાવીસ મૂળગુણ નિરતિચારપણે પાલન કરે. જરાક દોષ આવે તો પ્રાયશ્ચિત લ્યે. હા, હા. આટલી તો કષાયની મંદતા! અને અગિયાર અંગનું ભણતર એટલો તો જ્ઞેયનો ઉઘાડ! જ્ઞેયનો ઉઘાડ, જ્ઞાનનો તો છે નહીં. જ્ઞાન તો એની પાસે છે નહીં. અગિયાર અંગનું જ્ઞાન-જ્ઞાન નથી પણ જ્ઞેય

છે. કેમકે જ્ઞાન તો હજી તેને ઉત્પન્ન જ નથી થયું. આત્મજ્ઞાન તો ઉત્પન્ન જ નથી થયું તો વૃધ્ધિ થઇ તે વાત કયાંથી આવી? અચલજી! ધર્મ ન થયો. આહાહા! અરે અનંતવાર ગ્રૈવેયકમાં ગયો પણ આત્મજ્ઞાન વિના સુખ ન પામ્યો.

આ આપણા આત્માની વાત છે હોં! આ બીજાની વાત નથી. અહીંયાં વિકથાની સખત મનાઇ છે. આપણા પ્રમુખ બેઠા છે. આવ્યા છે કે નહીં? આ બેઠા. તેમણે બહાર બોર્ડ માર્યું છે. સ્વાધ્યાય મંદિર છે આ. અહીંયાં વિકથાની સખત મનાઇ છે. આ સ્થળ આત્મકથા ને ધર્મકથા માટે છે. આપણો આત્મા અનંતવાર નવમી ગ્રૈવેયકમાં ગયો. તેણે બે ભૂલ કરી કે કાં તો પરનો કરનાર છું અને કાં હું આનો (પરનો) જાણનાર છું. આનો કરનાર તો કાઢી નાખ્યું. એટલે સુધી તો આવી ગયો કે હું કરનાર નહીં, હું તો જાણનાર. પણ કોનો? એ પ્રશ્ન મોટો! તો કહે આનો (પર જ્ઞેયોનો). સંસાર... એટલા માટે તો આ વાત લીધી છે અહીંયાં હિંમતનગરમાં. કોનો? તે રહી ગયું આખું. જાણનાર જણાય છે ત્યાં સુધી આવ્યો નહીં. આ જણાય છે એમાં અટકયો. કરનાર તો કાઢયું. કરનારનું શલ્ય તો ગળ્યું. ટળ્યું નથી. અનુભવ વિના ટળે નહીં. પણ ગળ્યું. કરનાર નહીં પણ આનો જાણનાર છું. આ દુકાન મારી એમ તો નહીં. પણ આ દુકાનને હું જાણું છું. રજની કહે આ દુકાન મારી નથી. ત્યારે તમે શું કરો છો? કે આ દુકાન છે પુદ્ગલની એમ હું જાણું છું. આહાહા! એને જાણતાં ધર્મ નહીં થાય.

જાણનારને જાણ તો ધર્મ થાય. જાણનાર ખરો પણ કોનો? આહાહા! એ પ્રશ્ન અંદરથી ઊઠે તો પરને જાણવાનો અજ્ઞાનનો નિષેધ આવે. પહેલો અજ્ઞાનનો (નિષેધ) હોય, વ્યવહારનો ન હોય. તો વ્યવહાર તો ઘીના ઘડાની માફક, તેને સમજાવવા માટે વ્યવહાર શબ્દ વાપર્યો છે. નિશ્ચય વિના વ્યવહાર હોય શકે નહીં. આ તો કોઇ ગાથા છે અલૌકિક! જ્ઞાનની પર્યાયનો નિશ્ચય કેમ પ્રગટ થાય? દ્રવ્યનો નિશ્ચય જેના હાથમાં આવી ગયો હોય કે પરિણામ માત્રથી ભિન્ન મારો આત્મા પ્રમત્ત-અપ્રમત્તથી રહિત એક જ્ઞાયક તત્ત્વ તે હું તેમ જેને ખ્યાલમાં આવી ગયું હોય ધ્યેય જેને ખ્યાલમાં આવી ગયું હોય એને ધર્મધ્યાન કેમ પ્રગટ થાય? આહા! ધ્યેય જેને ખ્યાલમાં આવી ગયું હોય તેને ધર્મધ્યાન કેમ પ્રગટ થાય આત્માનો અનુભવ, તેની કળા અને વિધિ આમાં બતાવી છે. આ ધ્યાનનો અધિકાર છે. ધ્યેયનો અધિકાર ગયો. આ ધ્યાનનો અધિકાર કોને જાણતાં ધર્મધ્યાન થાય. પરને જાણતાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય પણ ધર્મધ્યાન થાય નહીં. તો શુકલધ્યાનની વાત તો કયાંય આઘી રહી. આહાહા!

**પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે**. આ પ્રશ્ન ગીરનાર અમે ગયા હતા. આ જવાહરભાઇ પણ સાથે ત્યાં ગીરનાર આવ્યા હતા. અઠવાડીયું રોકાણા હતા. ત્યારે મને આ પ્રશ્ન કર્યો હતો. કે ભાઇ! આમાં વ્યવહારે તો લખ્યું છે. આમાં વ્યવહારે લખ્યું છે. મેં કીધું વ્યવહારનય નથી લખી વ્યવહારે લખ્યું છે. વ્યવહારે કહેવામાં આવે છે. ઘીના ઘડા જેવું કથન છે. કેમકે તેને પ્રસિદ્ધ છે ઘીનો ઘડો. એને પ્રસિદ્ધ છે કે આત્મા પરને જાણે છે. તો એને એની ભાષા દ્વારા કહે છે. ‘આત્મા પરને

જાણે'. છે તેને જાણતો નથી જાણનારને જાણે છે. એમાં આવી જા. એટલા માટે આ ગાથા છે. નિશ્ચય વિના વ્યવહાર હોય શકે નહીં. પરને જાણવું એ અજ્ઞાન છે, વ્યવહાર નથી. અજ્ઞાની પાસે નિશ્ચય પણ નથી અને વ્યવહાર પણ નથી. નિશ્ચયનય અને વ્યવહારનય બેય સમ્યગ્જ્ઞાન પ્રમાણ એના બે અંશ છે. જેને પ્રમાણજ્ઞાન નથી તેને નય હોય શકે નહીં. પ્રમાણજ્ઞાન અનુભવી પુરુષને જ હોય.

મુમુક્ષુ :- (અજ્ઞાનીને પ્રમાણજ્ઞાન ન હોય.)

ઉત્તર :- પ્રમાણનું જ્ઞાન (નહી). પ્રમાણાભાસ હોય. પ્રમાણજ્ઞાન ન હોય. પ્રમાણનો આભાસ. નયાભાસ પ્રમાણાભાસ. હવે કહે છે. બહુ સુંદર આ ગાથા સમજવા જેવી છે. આત્માનું હિત થઇ જાય. હું પરને જાણું છું એવો જે પક્ષ જીવને અનાદિકાળથી છે. જાણનાર જણાય છે એવો પક્ષ પણ આવ્યો નથી અને પક્ષાતિક્રાંત થઇને એવો અનુભવ પણ થયો નથી. આહાહા! એને સમજાવવા માટે એ જ્ઞાન જે બહિરમુખ રખડે છે, ઉપયોગનો દૂરઉપયોગ થાય છે. એ ઉપયોગનો સદઉપયોગ કેમ થાય કે એ ઉપયોગ જેનો છે તેને જાણે તો સદઉપયોગ અને ઉપયોગ જેનો નથી ધનાલાલજી તેને જાણવા જાય તો ઉપયોગનો દૂરઉપયોગ. આહાહા! બહુ કડક ભાષાથી કહીએ તો, કહેવાય નહીં બાકી આત્માને છોડીને, આહાહા! સાક્ષાત તીર્થંકર ભગવાનને જો જાણવા રોકાય તો ઉપયોગનો દૂરઉપયોગ છે. આહાહા! એવું તો અનંતવાર તે તીર્થંકરની સભામાં ગયો અને ભગવાનના દર્શન તે કર્યા પણ આત્મદર્શન તેં કર્યા નહીં. વાણીમાં પણ આવ્યું કે તું મારી સામું જોઇશ તો, 'પરદવ્વાઓ દુગ્ગઇ' તારા ઉપયોગની દુર્ગતિ છે, જા. પણ ઉપયોગને તેં પાછો હટાવ્યો નહીં.

પ્રભુ! બધી વાત કરો પણ તમે એ વાત રહેવા દયો. આપના તરફથી.. આપ તો ઉપકારી છો, સર્વજ્ઞ છો, આપના તરફથી હું ઉપયોગ હટાવું, આપને હું જાણવાનું બંધ કરું તો અવિનય થઇ જશે. કે ના. મને જાણવાનું બંધ કરીશ તો તારો આત્મા જણાશે. એ જ વિનય છે. આહાહા!

આવી અપૂર્વ વાત ગુરુદેવના પ્રતાપે બહાર આવી ગઇ છે. પછી બધા ટીકા કરે કે નિશ્ચયની વાત નિશ્ચયની વાત, નિશ્ચયની વાત. ગુરુદેવ કહે નિશ્ચયની વાત એટલે સાચી. નિશ્ચયની વાત એટલે સાચી અને વ્યવહારની વાત એટલે ખોટી. વિદ્વાનો કહે અસત્યાર્થ છે વ્યવહાર. રાજમલજી કહે વ્યવહાર જૂઠો છે. બેય વાત એક જ છે. વોટર કહો, પાણી કહો, જળ કહો કે નીર કહો. તેનો ભાવાર્થ તો એક જ છે. અસત્યાર્થ કહો કે જૂઠો કહો.

શ્રોતા :- અસત્યાર્થમાં સત્યાર્થ ભાસે છે.

ઉત્તર :- ભાસે છે. એટલે કડક ભાષા વાપરી કે વ્યવહાર જૂઠો છે. આહાહા!

અમૃત જેવી ગાથા છે. હું પરનો જાણનારો છું, આનો જાણનારો છું. અગિયાર અંગ ભણેલો ભૂલ્યો. ભીંત ભૂલ્યો અને હરણીયું પામી જાય. અરે! હવે અગિયાર અંગ શું? નવ તત્ત્વના નામ પણ નથી

આવડતા હરણીયાને. પણ ઉપયોગ અંદરમાં ગયો ને આત્માનો અનુભવ થઇ જાય છે. સિંહમહારાજને ન થયો અનુભવ... સિંહમહારાજ ભગવાન મહાવીરનો જીવ સિંહના ભવમાં સમ્યક્ પામ્યો. એ સિંહ મહારાજ થઇ ગયા. પહેલાં સિંહ હતા. મહાવીરસ્વામીની જ વાણી છે. પહેલાં સિંહ હતો ઇ પછી અનુભવ થયો ત્યારે સિંહ મહારાજ! લઘુનંદન થઇ ગયો સિંહ! બોલો! માટે સિંહ મહારાજ! સિંહના ભવમાં પણ ચારે ગતિમાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવને આત્મ અનુભૂતિ સમ્યગ્દર્શન થઇ શકે છે.

કહે છે કે **વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે**, વ્યવહારે કહેવામાં આવે છે કે આ આત્મા જાણનાર છે, જ્ઞાયક છે અને જગતના પદાર્થો તે જ્ઞાનનું જ્ઞેય છે. એમ વ્યવહારે જોઉં તો, વ્યવહારી લોકોનો વ્યવહાર છે. કાઢો આમાં લખ્યું છે જુઓ! વ્યવહારી લોકોનો વ્યવહાર છે. વ્યવહારનયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાતા-દષ્ટા, શ્રધ્ધા કરનાર, ત્યાગ કરનાર કહેવામાં આવે છે. કારણ કે, કહેવામાં આવે છે તેનું કારણ આપે છે. કારણ કે, પરદ્રવ્યને અને આત્માને નિમિત્ત-નૈમિત્તિક ભાવ છે. જ્ઞાનાદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી વ્યવહારીજનો કહે છે કે.. અમે નથી કહેતાં. આચાર્ય મહારાજ કહે છે કે અમે તો કહેતા નથી. વ્યવહારી અજ્ઞાની ઘીનો ઘડો કહે છે. અમે ઘીનો ઘડો કહીએ નહીં. આહાહા! ગાથા તો ગાથા છે. આ કાઢીને બતાવીએ ને તો શ્રધ્ધા પડે સરખી. નહીંતર કહેશે કે લાલુભાઇ તો અધ્ધરથી કહેતા લાગે છે.

આત્મા પરને જાણતો નથી તેનું નામ પણ છે અને બદનામ પણ છે. શું? નામ પણ છે અને બદનામ પણ છે. બહુ પાકું થયું. આહા! થાવ તો થાવ. આચાર્ય મહારાજ કહે છે. વ્યવહારીજનો કહે છે કે, વ્યવહારીજનો શું કહે છે? આત્મા પરદ્રવ્યને જાણે છે. કોણ કહે છે? વ્યવહારીજનો. આહાહા! એટલે અજ્ઞાનીજનો, પરદ્રવ્યને જાણે છે, પરદ્રવ્યને દેખે છે, પરદ્રવ્યનું શ્રધ્ધાન કરે છે અને પરદ્રવ્યને ત્યાગે છે, રાગને ત્યાગે છે. કોણ કહે છે? વ્યવહારીજનો કહે છે કે આત્મા રાગનો ત્યાગ કરે છે. આહાહા! નિશ્ચયથી નિશ્ચયના જાણનાર તો કહે છે કે, જાણનાર જ જણાય છે ખરેખર પરમાર્થે પરદ્રવ્યો જણાતા નથી. આહાહા! આ નિશ્ચયની વાત ચાલે છે. પછી વ્યવહારની વાત આવશે. પર્યાયનો વ્યવહાર પછી બતાવશે. નિશ્ચય પૂછ્યા પછી પર્યાયનો વ્યવહાર શું તેનું જ્ઞાન કરાવશે. નિશ્ચયપૂર્વક વ્યવહાર. આ નિશ્ચય વિનાના વ્યવહારની વાત કરે છે.

**પુદ્દગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે**, હવે, એ જે વ્યવહાર કહેવામાં આવે છે. ચૂનો ભીંતને સફેદ કરે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. તો એમાં કેટલા ટકા વ્યવહારની વાત સાચી હશે, ચાલો આપણે સાથે બેસીને વિચારીએ. આહાહા! શિષ્યને સાથે રાખી, ઊભો રાખી, ઊભો રાખે તો જ તે સાંભળે. બાકી તો તે ભાગી જાય. ગુરુદેવ એમ કહે આવો ભાઇ! કયાંથી આવ્યા? આહાહા! ત્યાં તો ઓલો થાક તેને ઉતરી જાય. કપડા મેલા, થીગડા (સાંધા) માર્યા હોય. અરે! ગુરુ થીગડાને જોતા નહોતા એ તો ભગવાન આત્મા છે. એ તો બધાને ભગવાન જોતા હતા.

આ વ્યવહારે પરદ્રવ્યો જ્ઞેય છે, ચાલો વિચારીએ. તેમાં શું સત્યાર્થ છે તેમાં ઊંડા ઉતરીને જરાક આપણે વિચારીએ. વિચારવામાં  શું વાંધો હોય? આહાહા!

**પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે, હવે,** જુઓ! **હવે, જ્ઞાયક (અર્થાત્ જાણનારો)** જ્ઞાયક એટલે જાણનારો કહો, ચેતનારો કહો એકાર્થ વાત છે. અર્થાત્ જ્ઞાયક, જ્ઞાયક પછી ચેતયિતા શબ્દ વાપર્યો. અને જ્ઞાયકનો અર્થ કૌંસમાં કર્યો-જાણનારો. જાણનારો જયાં કહ્યો ત્યાં કરનારો નથી. કરનારા ઉપર તો પહેલાં મોટો ચોકડો મારશે ને ત્યારે તો ધર્મની શરૂઆત થશે. જાણનાર છે આત્મા. જાણનાર છે. જેમ ચક્ષુ છે ને તે કેવળ દેખનાર છે. દશ્ય પદાર્થને દૂર રહીને માત્ર દેખે છે. પણ દશ્ય પદાર્થને આંખ કાંઇ કરે નહીં. છન્નાલાલજી! બોલો આટલા વર્ષની ઉમરમાં તમારી આંખે શું કર્યું? દૂર રહીને માત્ર દેખે છે. આમ ચમચાને ફેરવે કે નહીં? આ તમારા દિકરાના મામાજી છે.

સમયસારના અનુવાદ કરનારા જયચંદપંડિતજી લખે છે કે, અરે! આ ગુરુ પરંપરા ચાલી ગઇ. ગુરુ પરંપરા શુદ્ધનય કહો કે શુદ્ધાત્માનો ઉપદેશ, ચાલ્યો ગયો. આ તો વળી કુંદકુંદ ભગવાન! આહાહા! એણે આ વાત કરી અને એનો અનુવાદ હવે થયો. બાકી તો સંસ્કૃતમાં હતું. કોઇ વાંચી શકે નહીં. આહાહા! ૧૮૦૦ વર્ષ સુધી તો કોઇ વાંચી ન શકે એવી સ્થિતિ હતી. આ ૨૦૦ વર્ષ પહેલાં તો તેનો ઢુંઢારીમાં અનુવાદ થયો, પછી હિન્દીમાં, પછી ગુજરાતીમાં થયો. આહાહા! એટલે ઘરે ઘરે (પહોંચ્યા) આહાહા! પંડિત કૈલાસચંદજી કહે, બધા સમયસારની વાત કરવા માંડયા. સાહેબ! તો સમયસારમાં આમ લખ્યું છે. તો શું એનો અર્થ? મેં તો સમયસાર ઉઘાડીને જોયું પણ નહોતું. બધા પૂછવા માંડયા. બધા પૂછે એટલે મારે જવાબ તો દેવો જોઇએ ને? આ જવાબ દેવા માટે મેં અભ્યાસ કર્યો. અભ્યાસ કરતાં લાગ્યું કે, ઓહોહો!

આ સમયસાર તો, નિધિ આમાં ભરી છે. પછી બીજી બાબત-આ ટોડરમલજીનું પુસ્તક મોક્ષમાર્ગ પ્રકાશક તેના પ્રશ્નો તેની પાસે આવવા માંડયા. ટોડરમલજી સાહેબ આમ કહે છે. અમે પણ પંડિત અને એ પણ પંડિત. એનું પુસ્તક શું વાંચવાનું? એમ અમે માનતા હતા. પણ જયાં પ્રશ્ન આવ્યા તો લાવો ઉઘાડીને જોઈએ કે શું છે? અને જ્યાં જોયું આહાહા! આ તો જ્ઞાની પંડિત હતા હો! એમ પોતે બોલ્યા. કેમ? કે આની અંદર ભેદજ્ઞાનનો મંત્ર છે. ભગવાનઆત્માની દષ્ટિ કેમ થાય એવું આ શાસ્ત્ર છે. તો અહીંયાં કહે છે કે, **પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે. હવે**, '-**જ્ઞાયક**, જ્ઞાયક એટલે જાણનારો, પણ કોનો? એ મોટા પ્રશ્નનો ઉકેલ આમાં છે. મોટા પ્રશ્નનો ઉકેલ? અચલજી! પ્રશ્ન મોટો છે પણ ઉકેલ આમાં લખેલો છે. રુચિની આંખ ઉઘાડીને જોવે તો! રુચિની આંખ બંધ રાખે અને ચામડાની આંખ ઉઘાડીને વાંચે તો કાંઇ એમાંથી હાથ આવે એવું નથી.

**જ્ઞાયક (અર્થાત્ જાણનારો) ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય)**, જાણનાર આત્મા અને

જણાવાયોગ્ય આ પુદ્‌ગલાદિ દ્રવ્યો, **(અર્થાત્ જણાવાયોગ્ય)** જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી? તેને જાણે છે કે નથી જાણતો? એ પુદ્‌ગલનું જ્ઞાન થાય છે કે આત્માનું જ્ઞાન જ્ઞાયકનું છે? શું છે? જો પુદ્‌ગલનું જ્ઞાન થતું હોય તો જ્ઞાન તે પુદ્‌ગલ જ હોય.

ॐ